ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત અધિનિયમ નં. ૨૩/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**
[Established vide Government of Gujarat Act No. 23/2015]
आज़ादी का अमृत महोत्सव

પરિપત્ર:

વિષય: વર્ષ ૨૦૨૨-૨૩ની અનિસુચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની કેંન્દ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક/પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાના અમલ બાબત

સંદર્ભ: ૧).નાયબ નિયામક (અ.જા.ક.)ની કચેરીના પત્ર ક્રમાંક:નં.નાનિ/અજાક/૨૦૨૨૨૩/૮૫૬થી૮૫૯ તા.૨૦/૦૬/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીઓ, પી.જી.સેન્ટરના વડાશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓને જણાવવાનુ કે નિયામક અનુસુચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર ખાતા હસ્તકની નીચે મુજબની કેંન્દ્ર પુરસ્કૃત યોજનાઓનો અમલ ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે.

1. Post Matric Scholarship for sc students(GOI) (BCK-6.1) (With Freeshipcard & Without freeship card both)
2. Pre Matric Scholarship for SC Students (std: 9 & 10) (BCK-35)
3. Pre Matric Scholarship to the children Whose Parents are engaged in occupations involving Cleaning and Prone to Health Hazards (BCK-4)

ઉપર મુજબની યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩થી કેંન્દ્ર સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ સુચના મુજબ વિદ્યાર્થીઓનુ National Scholarship Portal (NSP) (http://ScholarshipS.gov.in) પર રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે. જે વિદ્યાર્થીએ NSP પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થીઓ ડીજીટલ ગુજરાત પોર્ટલ પર સ્કોલરશીપ યોજનામાં શિષ્યવૃતિ લઇ શકશે. NSP પોર્ટલ પર શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩નુ રજીસ્ટ્રેશન શરૂ થઇ ગયેલ છે. ઉપરોકત યોજના નં ૧ અંતર્ગત વિદ્યાર્થીઓએ જાતે જ રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે.National Scholarship Portal પર રજીસ્ટ્રેશન કરવાની પધ્ધતી સંદર્ભદર્શિત પત્રમાં સામેલ છે.

સંદર્ભદર્શિત પત્રમાં સામેલ તમામ વિગત ધ્યાને લઇ આપની કક્ષાએથી તમામ વિદ્યાર્થીઓને જાણ કરવા તેમજ તે અનુસાર રજીસ્ટ્રેશન કરાવવા જણાવવામાં આવે છે.

(નોંધ: તમામ કોલેજોએ ઉપરોકત પરીપત્ર કોલેજના નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.)

કા.કુલસચિવશ્રી

ક્રમાંક : બીકેએનએમયુ/એકેડેમિક/૭૬૨/૨૦૨૨
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ
તા. ૨૨/૦૬/૨૦૨૨
પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમના આચાર્યશ્રી/વડાશ્રીઓ તરફ.
નકલ સાદર રવાના:
(૧) માન. કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ..

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400

www.bknmu.edu.in || M: academicbknmu@gmail.com

**<u>અગત્યનું/સમય મર્યાદા</u>**

નં.નાનિ/અજાક/૨૦૨૨-૨૩/૮૫૬ થી ૮૫૯
નાયબ નિયામક(અ.જા.ક.)ની કચેરી
બ્લોક નં. ૧/૩, બહુમાળી ભવન
સરદારબાગ, જૂનાગઢ
ફોન. ૦૨૮૫-૨૬૩૦૩૫૮
dbcwo-jun@gujarat.gov.in
તારીખઃ- ૨૦/૦૬/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

.........................................

.........................................

.........................................

વિષયઃ- વર્ષ:૨૦૨૨-૨૩ની અનુ.જાતિના વિદ્યાર્થીઓ માટેની કેંદ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક / પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અમલ બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર ખાતા હસ્તકની નીચે મુજબની કેંદ્ર પુરસ્કૃત યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત (**https://www.digitalgujarat.gov.in**) કરવામાં આવે છે.

1. **Post Matric Scholarship for SC Students (GOI) (BCK-6.1) (With FreeshipCard & Without FreeshipCard Both)**
2. **Pre Matric Scholarship for SC Students (Std: 9 & 10) (BCK-35)**
3. **Pre. Matric Scholarship to the children whose parents are engaged in occupations involving Cleaning and Prone to Health Hazards (BCK-4)**

ઉપર મુજબની યોજનાઓ અંતર્ગત વર્ષ: ૨૦૨૨-૨૩થી કેંન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ સૂચના મુજબ વિદ્યાર્થીઓનું **National Scholarship Portal (NSP) (https://scholarships.gov.in/)** પર રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે. જે વિદ્યાર્થીએ **NSP** પોર્ટલ **(https://scholarships.gov.in/)** પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર સ્કોલરશીપ યોજનામાં શિષ્યવૃત્તિ લઇ શકશે. **National Scholarship Portal** પોર્ટલ પર વર્ષ:૨૦૨૨-૨૩નુ રજીસ્ટ્રેશન શરૂ થઇ ગયેલ છે.

ઉક્ત યોજનાઓ પૈકી ક્રમનં:૧ પરની યોજના અંતર્ગત **National Scholarship Portal** પર વિદ્યાર્થીઓએ જાતે જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે જ્યારે ક્રમનં:૨ તથા ક્રમનં:૩ પરની યોજનાઓની તમામ કામગીરી શાળાના આચાર્યશ્રી મારફત કરવામાં આવતી હોય તે યોજના અંતર્ગત **National Scholarship Portal** પર પાત્રતા ધરવતા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન જે તે શાળાના આચાર્યશ્રીએ કરવાનું રહેશે.

- **National Scholarship Portal (https://scholarships.gov.in/)** પર રજીસ્ટ્રેશન કરવાની પધ્ધતિ:

➔ કેંદ્ર સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજનાની વેબસાઇટ: **https://scholarships.gov.in** ઓપન કરી **"New Registration"** પર કલીક કરવું.

➔ “New Registration” ક્લીક કર્યાબાદ “Register for Pre-Matric Scholarship and Post Matric Scholarship Scheme for SC Students for AY 2022-23” પર ક્લીક કરવુ.

➔ ત્યારબાદ જરૂરી તમામ સૂચનાઓ વાચી “Undertaking” આપી “Continue” બટન પર ક્લીક કરવુ.

➔ ત્યારબાદ માંગવામાં આવેલ તમામ વિગતો સાવચેતીક પૂવર્ક ભરી “Register” બટન પર ક્લીક કરવાનું રહેશે.

➔ ત્યારબાદ જે નંબર પોર્ટલ દ્વારા જનરેટ થાય છે તેને સાચવીને રાખવાનો રહેશે અને આ નંબર જ્યારે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિદ્યાર્થીઓના ઓનલાઇન ફોર્મ ભરવામાં આવે ત્યારે ઓનલાઇન નાખવાનો રહેશે. ઉક્ત યોજનાઓમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કેવી રીતે અરજી/દરખાસ્ત કરવાની છે તેની સમજ દર વર્ષે શાળા/કોલેજને જે પરીપત્ર મોકલવામાં આવે છે તેમાં અલગથી આપવામાં આવશે.

વર્ષ: ૨૦૨૨-૨૩થી ઉક્ત દર્શાવેલ ૩ યોજનાઓ અંતર્ગત જે વિદ્યાર્થીએ **National Scholarship Portal** પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અરજી/દરખાસ્ત કરી શકશે જેની સમજ આપની કક્ષાએથી શાળા/કોલેજનાં તમામ વિદ્યાર્થીઓને પણ આપવાની રહેશે. વધુમાં રાજ્યકક્ષાએથી સદરહું બાબતે જાહેરાત પણ આપવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે જેની જાણ થવા વિનંતી છે.

બિડાણ: ઉપર મુજબ

(કે.એફ.મકવાણા)
નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
જૂનાગઢ

નકલ સવિનય રવાના:-

(૧) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૨) કુલ સચિવશ્રી, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જિ.જૂનાગઢ

(3) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ.જૂનાગઢ

(૪) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જૂનાગઢ

-/ આપના કાર્યક્ષેત્રમાં આવતી તમામ શાળા / ઉચ્ચતર માધ્યમિક શાળા / કોલેજોને ઉકત પરિપત્ર આપની કક્ષાએથી મોકલી આપવા વિનંતી.